પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯ | ૩૧ માર્ચ, ૨૦૨૨, ગુરૂવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

કેન્દ્રીય કર્મીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય : નવું મોંઘવારી ભથ્થું ૧લી જાન્યુઆરીથી લાગુ થશે

નવી દિલ્હી, તા.૩૦

કોરોના મહામારીને કારણે અટવાયેલ સરકારી કર્મચારીઓના

લાભ પર ફરી સરકારે નજર દોડાવી છે. કેબિનેટની આજની બેઠક કર્મચારીઓના ડિયરનેશ અલાઉન્સ એટલેકે મોંઘવારી ભથ્થામાં ૩%ના વધારાની જાહેરાત કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મળેલ કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આજે સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સનોના મોંઘાવરી ભથ્થામાં ૩%નો વધારો કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. નવું મોંઘવારી ભથ્થું ૧લી જાન્યુઆરી, ૨૦૨૨ થી લાગુ થશે.

અત્યારે કર્મચારીઓ અને પેન્શનરોને સરકાર તરફથી ૩૧% ડીએ મળે છે જે હવે વધીને ૩૪% થશે. આ ડીએ વધારાનો દેશના ૪૭.૬૮ લાખ સરકારી કર્મચારીઓ અને ૬૮.૬૨ લાખ પેન્શનધારકોને મળશે. આ વધારાથી સરકારી તિજોરી પર ૯૫૪૫ કરોડનો બોજો પડશે.

કોરોનાવાયરસ મહામારીને કારણે ડીએમાં સુધારો દોઢ વર્ષથી અટકી ગયો હતો. જુલાઈ, ૨૦૨૧માં કેન્દ્ર સરકારે લાંબા વિરામ બાદ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત ૧૭ ટકાથી વધારીને ૨૮ ટકા કરી હતી. ફરી ઓક્ટોબર, ૨૦૨૧માં કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો અને હાલ કર્મચારીઓને ૩૧ ટકા મળી રહ્યું છે, જે જુલાઈ, ૨૦૨૧થી લાગુ થયું છે. તેવી જ રીતે, કેન્દ્ર સરકારના પેન્શનરો માટે મોંઘવારી રાહત પણ વધીને ૩૧ ટકા થઈ ગઈ છે.

ડીએ વધારાનો દેશના ૪૭.૬૮ લાખ સરકારી કર્મચારીઓ-૬૮.૬૨ લાખ પેન્શનધારકોને મળશે

એ આઈ સી પી આઈ - આઈ ડબલ્યુ ના ડિસેમ્બરના ડેટાથી કર્મચારીઓ ૩% ડીએ વધારાની જાહેરાતની રાહ જોઈ રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ભારતમાં કોરોનાની ચોથી લહેર ઓગસ્ટમાં આવી શકે છે

કોરોનાના સબવેરિયન્ટના કેટલાક કેસ ભારતમાં પણ જોવા મળ્યા છે, સુધાકરે કહ્યું છે કે ઓગસ્ટમાં દેશને ચોથી લહેરનો સામનો કરવો પડી શકે છે

નવી દિલ્હી,તા.૩૦

કોરોના વાયરસનો પ્રકોપ ફરી એકવાર શરૂ થયો છે. અમેરિકા અને બ્રિટન સહિત એશિયા અને યુરોપના ઘણા દેશોમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. આ જોતા ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાના ચોથી વેવની આશંકા સેવાઈ રહી છે. કર્ણાટકના આરોગ્યમંત્રી કે સુધાકરે વિધાન પરિષદને જણાવ્યું છે કે ઓગસ્ટમાં ભારતમાં રોગચાળાની ચોથી લહેર જોવા મળી શકે છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઘણા દેશોમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં અચાનક મોટો વધારો થયો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે કોરોનાના સૌથી ઝડપથી ફેલાતા પ્રકાર ઓમિક્રોન સબવેરિયન્ટ બ્બ.૨ના કેસ વધુ ઝડપથી વધી રહ્યા છે. સૌથી ખરાબ સ્થિતિ દક્ષિણ કોરિયામાં છે, જ્યાં દરરોજ કોરોનાના લગભગ પાંચ લાખ કેસ સામે આવી રહ્યા છે. કોરોનાના આ સબવેરિયન્ટના

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં કોરોનાના ૧૨૩૩ નવા કેસ : ૩૧ના મોત

નવી દિલ્હી, તા.૩૦

દેશમાં જીવલેણ કોરના વાયરસ મહામારીના નવા મામલામાં ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં સતત ૧૦માં દિવસે બે હજારથી ઓછા કેસ નોંધાયા છે. દેશમાં ચાર દિવસથી ૧૫૦૦ કરતાં ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૩૩ નવા કેસ અને ૩૧ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે ૧૨૫૯ નવા કેસ અને ૩૫ સંક્રમિતોના મોત થયા હતા. સોમવારે ૧૨૭૦ નવા કેસ અને ૩૧ સંક્રમિતોના મોત થયા હતા. રવિવારે દેશમાં ૧૪૨૧ નવા કેસ અને ૪૯ સંક્રમિતોના મોત થયા હતા. શનિવારે ૧૬૬૦ નવા કેસ અને ૪૧૦૦ દર્દીના મોત થયા હતા.

ઈમરાનની ખુરશી હાલકડોલક

અવિશ્વાસના પ્રસ્તાવ પહેલા ઈમરાન દેશને સંબોધન કરશે : પાકિસ્તાનમાં ખુરશી બચાવવા ઈમરાનનો છેલ્લો દાવ : એમક્યૂએમએ અવિશ્વાસના પ્રસ્તાવ પર વોટિંગ પહેલા જ વિપક્ષી દળો સાથે સમજૂતી કરી લેતા મોટો આંચકો

ઈસ્લામાબાદ, તા.૩૦

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પોતાની વડાપ્રધાન પદની ખુરશી બચાવવા માટે અંતિમ દાવ નાખ્યો છે. અવિશ્વાસના પ્રસ્તાવ પહેલા ઈમરાન ખાને એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી અને આ બેઠક બાદ તેઓ રાજીનામુ આપી શકે છે.

આ સાથે જ અવિશ્વાસના પ્રસ્તાવ પહેલા ઈમરાન ખાન દેશને સંબોધિત પણ કરશે. ઉલ્લેખનીય છે કે, ફ્લોર ટેસ્ટ પહેલા ઈમરાન ખાનને બુધવારે ભારે મોટો આંચકો લાગ્યો હતો. ઈમરાનની સહયોગી

એમક્યૂએમએ અવિશ્વાસના પ્રસ્તાવ પર વોટિંગ પહેલા જ વિપક્ષી દળો સાથે સમજૂતી કરી લીધી છે.

તેના પહેલા પીપીપી પ્રમુખ બિલાવલ ભુટ્ટો જરદારીએ ટ્વિટ કરીને સંયુક્ત વિપક્ષ અને એમક્યૂએમ વચ્ચે સમજૂતી થઈ હોવાની જાણ કરી હતી.

સતત ત્રીજા દિવસે સેન્સ્કેસમાં ૭૪૦ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ , તા.૩૦

શેરબજારમાં બુધવારે સતત ત્રીજા દિવસે વધારો થયો હતો અને બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૩૪ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. રશિયા-યુક્રેન શાંતિ મંત્રણા સફળ થવાની આશા વચ્ચે ઈન્ફોસિસ, એચડીએફસી લિ., એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકમાં ખરીદી સાથે બજારો મક્કમ રહ્યા હતા. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૭૪૦.૩૪ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકાના વધારા સાથે ૫૮,૬૮૩.૯૯ ના સ્તર પર બંધ થયા છે. ટ્રેડિંગ દરમિયાન તે ૭૮૪.૧૩ પોઈન્ટના ઉછાળા સાથે ૫૮,૭૨૭.૭૮ પોઈન્ટ પર પહોંચી ગયો હતો.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘર પર હુમલો

કાશ્મીર ફાઈલ્સ પરના નિવેદનને લઈને વિવાદ : કેટલાક અસામાજિક તત્વોએ કેજરીવાલના ઘરના સીસીટીવી-સિક્યુરિટી માટે લગાવેલી બેરિકેડ તોડી નાંખી

નવી દિલ્હી, તા.૩૦

કાશ્મીર ફાઈલ્સ પરના નિવેદનના કારણે વિવાદમાં આવેલા દિલ્હીના મુખ્યમંત્રી

અરવિંદ કેજરીવાલના ઘર પર હુમલો થયો છે.

દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાનુ કહેવુ છે કે, કેટલાક અસામાજિક તત્વોએ કેજરીવાલના ઘરના સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી માટે લગાવેલી બેરિકેડ તોડી નાંખી છે. આ સિવાય ગેટ પરના બેરિયરનીપ ણ તોડફોડ કરવામાં આવી છે. તેમણે આરોપ મુક્યો હતો કે, આ તોડફોડ ભાજપના જ ગુંડાઓએ કરી છે અને પોલીસ જ તેમને કેજરીવાલના ઘર સુધી લઈ આવી છે. પોલીસના કહેવા પ્રમાણે ભાજપના યુવા મોરચાના ૧૦૦ કરતા વધારે કાર્યકરોએ સવારે સાડા અગિયાર વાગ્યે સીએમના ઘરની બહાર વિરોધ પ્રદર્શન શરૂ કર્યુ હતુ. આ વિરોધ કેજરીવાલે ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મને લઈને આપેલા નિવેદન સામે હતુ અને બપોરે એક વાગ્યે કેટલાક દેખાવકારો બેરિકેડ તોડીને સીએમના ઘરની બહાર સુધી પહોંચી ગયા હતા. ત્યાં તેમણે ઘર પર પેઈન્ટ ફેંક્યો હતો અને સીસીટીવી કેમેરા પણ તોડી નાંખ્યા હતા. પોલીસે ૭૦ લોકોની આ મામલામાં અટકાયત કરી છે. ભાજપનો આરોપ છે કે, કેજરીવાલે કાશ્મીરી પંડિતોના નરસંહારની મજકા ઉડાવી છે.

વીજની માગ વધતાં પાવર પ્લાન્ટ્સમાં કોલસો ઘટ્યો

દેશમાં ફરી એક વાર વીજ કટોકટીનાં એંધાણ

નવી દિલ્હી, તા.૩૦

આકરાં ઉનાળાની શરૂઆત અને અર્થવ્યવસ્થા રિકવર થઈ રહી છે તેવા અણીના સમયે દેશમાં એકવાર ફરી વીજ કટોકટી સર્જાવાના એંધણા દેખાઈ રહ્યા છે. એક બાજુ સરકારી કંપનીએ કોલસાની સપ્લાયમાં કાપ મૂક્યો છે તો બીજી બાજુ વીજળીની માંગ વધતા પાવર પ્લાન્ટો ખાતે કોલસાનો જથ્થો ઝડપથી ઘટી રહ્યો છે.

તાજેતરના વર્ષોમાં ભારતમાં કોલસાની સૌથી વધુ અછતને કારણે કેટલાક રાજ્યોમાં ૧૪ કલાક સુધી વીજ કાપ મુકાયાના થોડાંક મહિનાઓ બાદ ફરીવાર કોલસાની સપ્લાયમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે જ દેશમાં વીજળીની માંગ વધતા કોલસાની અછતે ચિંતા વધારી દીધી છે.

સરકારી માલિકીની કોલ ઈન્ડિયા કંપની જે દેશમાં કોલસાના કુલ ઉત્પાદનમાં ૮૦ ટકાથી વધુ યોગદાન આપે છે, તેણે બિન પાવર ક્ષેત્રો – જેમાં એલ્યુમિનિયમ સ્મેલ્ટર અને સ્ટીલ મિલોનો સમાવેશ થાય છે તેમના માટે સપ્લાય ઘટાડીને દૈનિક ૨૭૫,૦૦૦ ટન કરી છે, જે ફેબ્રુઆરી કરતાં ૧૮.૩% અને માર્ચ ૨૦૨૧ કરતાં ૨૯.૮% ઓછો જથ્થો છે. કેન્દ્રીય કોલસા મંત્રાલયે આગામી ત્રણ મહિનામાં ઔદ્યોગિક એકમો માટે કોલસાની ત્રણ હરાજી હાથ ધરવાની યોજના પણ સ્થગિત કરી છે અને તેના બદલે એક ત્રિમાસિકમાં એક જ હરાજી કરવાનું આયોજન છે.

વેબસાઈટ પર નોટિસ મુજબ, કોલ ઈન્ડિયાની કંપની, સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સે ૧૧ માર્ચે હાથ ધરેલી હરાજી માટે ચૂકવણીની તારીખ લંબાવી છે, જેના કારણે સપ્લાયમાં વિલંબ થયો છે, અને ૨૧ માર્ચે નિર્ધારિત બીજી હરાજી પણ રદ કરી હતી.

શ્રીનગરમાં અથડામણમાં તૌયબાના બે આતંકીનાં મોત

સેનાની ઘેરાબંધી બાદ આતંકીઓનું ફાયરિંગ : મરનારા એક આતંકવાદી પાસેથી પ્રેસનું આઈ કાર્ડ મળી આવ્યું જે મીડિયાના દુરપયોગનો સંકેત આપી રહ્યું છે

શ્રીનંગર, તા.૩૦

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં આજે સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર એ તૌયબાના બે આતંકીઓ માર્યા ગયા છે.

પોલીસના કહેવા પ્રમાણે ગઈકાલે મધરાતથી વિસ્તારની ઘેરાબંધી કરીને કોમ્બિંગ શરૂ કરાયુ હતુ અને એ પછી આતંકીઓએ ગોળીઓ વરસાવવાનુ શરૂ કર્યુ હતુ. જેની સામે સીઆરપીએફ અને પોલીસે વળતો જવાબ આપ્યો હતો. આ બંને આતંકીઓ સ્થાનિક છે.

પોલીસનુ કહેવુ છે કે, મરનારા એક આતંકી પાસેથી પ્રેસનુ આઈ કાર્ડ મળ્યુ છે. જે મીડિયાના દુરપયોગનો સંકેત આપી રહ્યુ છે. મરનાર આતંકી રઈસ અહમદ ભટ્ટ એક અજાણી ન્યૂઝ સર્વિસ વેલી મીડિયા સર્વિસનો એડિટર ઈન ચીફ હોવાનુ તેના કાર્ડ પર લખ્યુ છે.

ખીરી દુર્ઘટનાના મુખ્ય આરોપીના જામીન રદ કરવા માટે ભલામણ

સુપ્રીમ દ્વારા નિયુક્ત રિટાયર જજોની કમિટિની ભલામણ

નવી દિલ્હી, તા.૩૦

લખમીપુર ખીરી દુર્ઘટનાની તપાસ કરી રહેલી સુપ્રીમ દ્વારા નિયુક્ત રિટાયર જજોની કમિટિએ ભલામણ કરી છે કે, મુખ્ય આરોપી આશિષ મિશ્રાના જામીન રદ કરવી જોઈએ. હાલ સોમવાર સુધી સુનાવણી મુલતવી રાખી છે તથા સોમવાર સુધીમાં બધા પક્ષોએ એસઆઈટીના રિપોર્ટ પર પોતાના જવાબ દાખલ કરવાના છે. આ મામલે અરજદારના વકીલે કહ્યું કે, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાના

● અનુસંધાન પાન-૭ પર

કસાબને જીવતો પકડનારા ૧૪ પોલીસને પ્રમોશન અપાશે

મુંબઈ, તા.૩૦

મહારાષ્ટ્ર સરકારે મુંબઈના ગુનેગાર આતંકવાદી અજમલ કસાબને જીવતો પકડતી વખતે બહાદુરી દાખવનારા ૧૪ પોલીસકર્મીઓને પ્રમોશન આપવાની જાહેરાત કરી છે. ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજ્ય વિધાનસભાની બહાર પત્રકારો સાથે વાતચીત દરમિયાન આ જાહેરાત કરી હતી. પ્રમોશન મળ્યું તે કર્મચારીઓને ઈનામ તરીકે મેડલ અને સન્માન તો વર્ષ ૨૦૦૮માં જ મળી ગયા હતા પરંતુ ત્યારે તેમનું પ્રમોશન નહોતું થયું. હવે આટલા વર્ષો બાદ સરકારે તે ઉણપને પણ પૂરી કરી દીધી છે. ગત ૨૨ માર્ચના રોજ આ પોલીસ અધિકારીઓને 'one-step' પ્રમોશન આપવામાં આવ્યું હતું.

બાઈડન-પુતિનના બે ટોચના અધિકારીઓ ભારત આવશે

યુક્રેન-રશિયાના યુદ્ધની વચ્ચે મહત્વપૂર્ણ બાબત : આ બંને ચાણક્યના ભારતમાં આવવાનો સંયોગ નહીં પરંતુ યુદ્ધનો અંત લાવવાનો મહત્વનો પ્રયાસનો ભાગ મનાય છે

વોશિંગટન/મોસ્કો, તા.૩૦

યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના ચાણક્ય કહેવાતા બે દિગ્ગજ અધિકારીઓ લગભગ એક જ સમયે ભારતના પ્રવાસે આવી રહ્યા છે. ભારતીય મૂળના અમેરિકાના ડેપ્યુટી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર દલીપ સિંહ અમેરિકા દ્વારા રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોને અંતિમ સ્વરૂપ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ યુક્રેન યુદ્ધ દરમિયાન પુતિનની સાથે રહીને મહત્વની ભૂમિકા ભજવી છે. એક્સપર્ટ્સનું માનવું છે કે આ બન્ને ચાણક્યનું 'મિત્ર' ભારતમાં આવવાનો સંયોગ નહીં પરંતુ યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાનો મહત્વનો પ્રયાસનો ભાગ માનવામાં આવી રહ્યો છે.

જણાવી દઈએ કે દલીપ સિંહ અને લાવરોવ બન્ને આ જ અઠવાડિયામાં ભારત આવી રહ્યા છે. ભારતીય મૂળના દલીપ સિંહને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બાઈડનના ખાસ માનવામાં આવે છે. માનવામાં આવે છે કે દલીપ સિંહ ભારતને યુક્રેનના મુદ્દે પોતાનું મંતવ્યા જણાવવા માટે ભારત આવી રહ્યા છે. ભારતે હજુ સુધી રશિયા પર પ્રતિબંધ લગાવવા મુદ્દે પોતાનું તટસ્થ વલણ યથાવત રાખ્યું છે.

ભારત પાસે શું ઈચ્છે છે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ ચીનના પ્રવાસ બાદ ભારતના પ્રવાસ પર આવી રહ્યા છે. ચીનમાં લાવરોવ અફઘાનિસ્તાન મુદ્દે આયોજિત થનારી વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. લાવરોવ અને દલીપ સિંહના પ્રવાસ અંગે હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. માનવામાં આવી રહ્યું છે લાવરોવ ૧ એપ્રિલે ભારતના વિદેશમંત્રી એસ જયશંકર સાથે મુલાકાત કરી શકે છે. રશિયા ઈચ્છે છે કે અમેરિકાના પ્રતિબંધોની અસર

● અનુસંધાન પાન-૭ પર

કાશી વિશ્વનાથ મંદિરની આવકમાં ૨.૫ ગણો વધારો

વારાણસી, તા.૩૦

શ્રીકાશી વિશ્વનાથ ધામ બન્યા બાદ બાબાના દરબારમાં ધનની વર્ષા થઈ રહી છે અને આવકમાં ગત વર્ષની સરખામણીએ આશરે ૨.૫ ગણો વધારો થયો છે. ગત ૧૩ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી કાશી વિશ્વનાથ ધામનું લોકાર્પણ કર્યું હતું. તેના થોડા દિવસો બાદ મંદિરના શિખરની માફક મંદિરનું ગર્ભગૃહ પણ સ્વર્ણમંડિત થઈ ગયું. સ્વર્ણમંડિત આભાથી નિખરેલા શ્રીકાશી વિશ્વનાથ ધામમાં માતા લક્ષ્મીની કૃપા વરસી રહી છે. આંકડાઓ પ્રમાણે ગત નાણાકીય વર્ષની સરખામણીએ મંદિરની આવકમાં આશરે ૨.૫ ગણો વધારો જોવા મળી રહ્યો છે. પાછલા વર્ષોમાં વર્ષે આશરે ૧૨થી ૧૫ કરોડ રૂપિયાની વાર્ષિક આવક થતી હતી.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.